ફો. કેસ નં. ૨૫૫/૯૧ નુ કામ ક્રિ.પ્રો. કોડ ક. ૩૨૧ મુજબ પરત ખેંચવા
સબંધે અરજી : –

આ કામે અમો એ.પી.પી.શ્રીની માનસાથ અરજ છે કે,

આરોપી લાંબા સમયથી અદાલત સમક્ષ હાજર રહેતા નથી. તેમજ આ કેસનો પ્રકાર જોતા આ કેસ લાંબા સમયથી ડોરમેટ ઉપર ચાલતો હોઈ તે સબંધે અમોએ નામદાર અધિક કલેકટર સાહેબશ્રીને આ કેસ ઉપરોકત જોગવાઈ મુજબ પરત ખેંચવા તા. ૪–૭–૧૯ નં. ડી.સી. /સીટીઝેડ/ મેટ્રો કોર્ટ/લોક અદાલત/ ડોરમેટ કેસ પરત/૨૦૧૯ મુજબ હુકમ કરેલ છે. જે સબંધે આ કેસ પરત ખેંચવા અમોને મંજુરી આપેલ હોઈ આજ રોજ નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી સ્પે. સીટીંગ રાખવામા આવેલ હોઈ જુના કેસોનો નિકાલ થાય તે સબંધે ઉપરોકત કાયદાની કલમને આધીન આ કેસ પરત ખેંચવા માંગતા હોઈ તે સબંધે યોગ્ય હુકમ થવા અરજ છે.

તા. ૧૩–૭–૧૯ (વી.જે. જેબલીયા)
એ.પી.પી. મેટ્રો. કોર્ટ નં.૪, અમદાવાદ.

## ફો. કેસ નં. ૨૫૫/૯૧ ના કામે એ.પી.પી.શ્રીએ આપેલ અરજી નીચે હુકમ : –

અરજી વંચાણે લીધી. આજ રોજ રાષ્ટ્રીય કક્ષાની લોક અદાલત છે. આ કામે આરોપી વિરૂધ્ધ જે ગુનાના આક્ષેપો છે તે ગુનાની સજાની જોગવાઈ ધ્યાને લીધી. આ કામે હાલનો ફોજદાર કેસ છેલ્લા ઘણા વર્ષોથી ડોરમેટ ફાઈલમા પડતર રહેલ છે. જેમા આરોપી ઉપર વોરંટો કાઢવા છતા બજે કે વગર બજે પરત આવતા નથી. તેમજ જે પોલીસ સ્ટેશનથી ચાર્જશીટ આવેલ છે તે પોલીસ સ્ટેશનને પણ આરોપીનુ વોરંટ મોકલવા છતા કોઈ પણ રીતે આરોપીને હાજર રખાવેલ નથી.

આ તબકકે એ.પી.પી.શ્રીની અરજી સબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો ધ્યાને લેતા**Hon'ble Judges:C.K.Buch, J.** સાહેબશ્રી ધ૯)શ્ર) State Of Gujarat Versus Rashmikant Ravishankar Raval ના કામે ઠરાવેલ છે કે, **Code of Criminal Procedure, 1973 - S. 321 - request made by the State to withdraw the application for leave to appeal against acquittal - letter addressed by Jt. Secretary to Public Prosecutor - subjective satisfaction of Public Prosecutor to withdraw the application - both letters produced before court - held, present request cannot be equated with an application under S. 321 of Cr.P.C. as respondent has been acquitted at the conclusion of appeal proceedings - application accepted.**

જેથી એ.પી.પી.શ્રી ધ્વારા આપવામા આવેલ અરજીની હકીકતો ધ્યાને લેતા તેમજ કેસનો પ્રકાર ધ્યાને લેતા આ કામે શ્રી સરકારને કેસ પરત ખેંચવા દેવાની પરવાનગી આપવામા આવે છે. આરોપીને ઉપરોકત ગુનામાંથી છોડી મુકવા હુકમ કરવામા આવે છે. મુદ્દામાલ દેશી/ વિદેશી દારૂ અપીલ સમય બાદ નાશ કરવો. રોકડ રકમ અપીલ સમય બાદ સરકાર દાખલ કરવી. વચગાળાના હુકમો કાયમી કરવા. બીન કિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો. કિંમતી મુદ્દામાલનો જાહેર હરાજી કરી તેની રકમ સરકાર દાખલ કરવી.

હુકમ આજ તારીખ ૧૩ મી જુલાઈ ૨૦૧૯ ના રોજ લોક અદાલતમા મારી સહીથી વાંચી, સંભળાવી જાહેર કર્યો.

| | | |
|---|---|---|
| | | **( બી. જે. પટેલ )** |
| | | **એડીશનલ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ (કોર્ટ નં.૪) અ મ દા વા દ.**<br>**કોડ નં. જી.જે. ००९७७** |